મે 19, 2020

પ્રિય માતાપિતા / વાલીઓ,

ઓન્ટારિઓ સરકારે આજે જાહેરાત કરી છે કે ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડની શાખાઓ સહિત ઓન્ટારિઓમાં જાહેર ભંડોળ મેળવનારી તમામ શાળાઓ, વર્ષ 2019 -2020ના શાળા-વર્ષના બાકીના સમય માટે બંધ રહેશે અને દૂરસ્થ શિક્ષણ જૂનના અંત સુધી ચાલુ રહેશે. અમે જાણીએ છીએ કે બંધ વધુ લંબાવવાના સમાચાર કેટલાક લોકો માટે પડકારજનક હોઈ શકે છે, પરંતુ આ નિર્ણય વિદ્યાર્થીઓ, સ્ટાફ અને શાળા સમુદાયોની સલામતીને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

સરકારે વિસ્તૃત ઉનાળુ શિક્ષણ આયોજનની પણ જાહેરાત કરી છે. જુલાઈ અને ઓગસ્ટમાં ઉનાળુ શિક્ષણ કાર્યક્રમ યોજવામાં આવશે અને તેમાં ઉનાળાની શાળાઓ, અભ્યાસક્રમ સુધારણા, અને નબળા વિદ્યાર્થીઓ માટેના લક્ષ્યાંકિત કાર્યક્રમો, વિશેષ શિક્ષણ અથવા માનસિક સ્વાસ્થ્ય આવશ્યકતાઓવાળા વિદ્યાર્થીઓ, અને સ્વદેશી વિદ્યાર્થીઓ સહિતના નવા અને હાલના ક્રેડિટ અને નોન-ક્રેડિટ સપોર્ટનો સમાવેશ કરવામાં આવશે. શિક્ષણ મંત્રાલય સ્કૂલ બોર્ડને ઉનાળાના શિક્ષણને દૂરસ્થ ભણાવવા અને ભણવાની યોજના બનાવવા માટે કહે છે, જો કે ઉનાળા દરમિયાન કટોકટીનાં પગલાંને હળવાં કરવામાં આવે અથવા ઉઠાવી લેવામાં આવે તો રૂબરૂ ભણાવવા અને ભણવાનું શક્ય બની શકે. આજની ઘોષણા સાથે, ટીડીએસબી હવે તેની ઉનાળુ શિક્ષણ યોજનાને અંતિમ સ્વરૂપ આપી શકે છે અને નજીકના ભવિષ્યમાં તે જણાવશે.

ટીડીએસબી સ્કૂલોમાં આવેલાં બાળ સંભાળ કેન્દ્રોને ધીમે ધીમે ખોલવાનું ત્યારે પ્રારંભ થવાની ધારણા છે જ્યારે પ્રાંત આપણા *પ્રાંતને ફરીથી ખોલવા માટે તેના ફ્રેમવર્ક*ના તબક્કા 2 માં તબદીલ કરશે અને જાહેર આરોગ્ય અધિકારીઓની શ્રેષ્ઠ સલાહ પર આધારિત હશે અને તેમાં કડક સુરક્ષા શિષ્ટાચાર સામેલ હશે. ટીડીએસબી 'વિસ્તૃત દિવસ કાર્યક્રમ ઉનાળુ શિબિરો' વિશે, શિક્ષણ મંત્રાલય કહે છે કે, અગત્યના આરોગ્ય સૂચકાંકોના વલણોમાં સુધારો ચાલુ હોવાનું ધારીને, તેઓને આ વર્ષના જુલાઈ અને ઓગસ્ટમાં કડક આરોગ્ય અને સલામતી માર્ગદર્શિકા સાથે કદાચ મંજૂરી આપવામાં આવી શકે છે.

અમે જાણીએ છીએ કે કેટલાક વિદ્યાર્થીઓ અને પરિવારો અમારી શાળાઓમાં રહેલ વ્યક્તિગત સરસામાન પરત લેવા આતુર છે. કૃપા કરીને ખાતરી રાખશો કે આ સલામત રીતે કેવી રીતે થઈ શકે તે નિર્ધારિત કરવાની યોજનાઓ ચાલુ છે. અમે ટોરોન્ટો પબ્લિક હેલ્થ સાથે આગળનાં પગલાં પર કામ કરી રહ્યા છીએ અને યોજનાને અંતિમ સ્વરૂપ અપાતાંની સાથે જ જણાવીશું.

હું અમારા તાજેતરના માતાપિતા / વાલી સર્વેક્ષણમાંના તમારા મંતવ્ય બદલ ફરીથી આભાર માનું છું, જેમાં લગભગ 40,000 લોકો તેમના વિચારો સહિયારા કરવા માટે ઓનલાઈન વાતચીતમાં જોડાયા હતા. શિક્ષણ જેવું દેખાય છે તેની અપેક્ષાઓ મોટા પ્રમાણમાં બદલાઈ છે, પરંતુ અમે જે સર્વસામાન્ય વિષય-વસ્તુ સાંભળી છે તે એ છે કે વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકો અને સાથીદારો સાથે જે જોડાણ અને સંકલન અનુભવે છે તેને માણે છે. જેમ નિયમિત વર્ગખંડમાં ક્રિયાપ્રતિક્રિયા થતી હોય છે એવી જ વિવિધ રીતે ક્રિયાપ્રતિક્રિયા થાય છે અને અમે વિદ્યાર્થીઓના શિક્ષણ, સંકલન અને સુખાકારીને ટેકો આપવા માટે કર્મચારીઓ અને ભાગીદારો સાથે કામ કરવાનું ચાલુ રાખીએ છીએ.

અંતમાં, તમારામાંના ઘણા લોકો વિચારી રહ્યા છે કે વિદ્યાર્થીઓ ક્યારે શાળાએ પરત ફરશે અને જ્યારે એમ થશે ત્યારે તે કેવું લાગશે. તો સરકારે કહ્યું છે કે તે સપ્ટેમ્બરમાં શાળા ફરી શરૂ કરવા સંદર્ભે પછીની તારીખે એક યોજનાની ઘોષણા કરશે અને દરેકને સલામત અને સ્વસ્થ રાખવા વર્ગખંડો અને શાળા-દિવસના તાલમેલ સાથે જરૂરી અનુકૂલન કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

John Malloy જહોન મેલોય
Director of Education ડિરેક્ટર ઓફ એજ્યૂકેશન